Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૫૯૧૦ તા.૧૮/૦૪/૨૦૨૧

પરિપત્ર- ૨૪૩૩

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વિવિધ ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તથા ગોધરા શહેરની સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, કોરોનાને રોકવા માટેનું અમોઘ શસ્ત્ર વધુમાં વધુમાં સંખ્યામાં વેક્સીનેશન થાય એ છે. માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અનુસાર આ બાબતને ધ્યાને લઇ ભવનો અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું વેક્સીનેશન થાય એ માટે આગામી તા.૨૨/૦૬/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી જિલ્લા પ્રશાશન તંત્ર અને યુનિવર્સિટી દ્વારા વ્યાપક વેક્સીનેસન ઝુંબેશનું આયોજન કરવા વિચારેલ છે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં યુનિવર્સિટીના ભવનો અને ગોધરા શહેરની કોલેજોના વિદ્યાર્થીઓનું વેક્સીનેશનનું આયોજન વિચારાધીન છે. આ માટે ભવનો અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સુધી આ વિષય મુકવા અને વધુમાં વધુ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન/માહિતી એકત્રિકરણ થાય તેવા પ્રયાસો હાથ ધરવા તથા વેક્સીનેસનની આગળની કાર્યવાહી અને વ્યવસ્થા અર્થે આ માહિતીની સત્વરે યુનિવર્સિટીને જાણ કરવા વિનંતી છે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- યુનિવર્સિટી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિવિધ ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તથા ગોધરા શહેરની સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.